RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોને e-Scrip RoDTEP માં પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલ સમક્ષ રજુઆત કરવામાં આવી...

ભારત સરકારના વાણિજય અને ઉધોગમંત્રાલય દ્વારા "ડિઝીટલ ઇન્ડિયા" પ્રોગ્રામ અંતર્ગત ઉત્પાદન-નિકાસ કરતા એકમોને લાભો આપવામાં આવે છે. ખાસ કરીને કસ્ટમ્સ અને ડીજીએફટી ડિપાર્ટમેન્ટ દ્વારા નિકાસકારો માટે RoDTEP (Remission of Duties and Taxes on Exported Products) સ્કીમ અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નિકાસકારોને અન્ય કોઈ સ્કીમ હેઠળ રીફંડ આપવામાં આવેલ ન હોય તેવા કેન્દ્ર તથા રાજય સરકારના વિવિધ કરો-ડયુટીઓમાંથી રીબેટ આપવામાં આવે છે.

ICEGATE કસ્ટમ્સ દ્વારા પુરા પાડવામાં આવેલ e-Scrip મોડયુલ હેઠળ RoDTEP ના કર લાભો પ્રાપ્ત કરી શકતા. વર્ષ ૨૦૨૧ માં શરૂ થયેલ RoDTEP યોજના હેઠળ નિકાસકારોને કસ્ટમ્સ દ્વારા સંબંધિત શીપીંગ બીલ સામે સ્ક્રોલ જનરેશનની તારીખથી એક વર્ષના સમયગાળામાં e-Scrip જનરેટ કરવાનું ફરજીયાત કરવામાં આવ્યું હતું અને જનરેટ થયેલ e-Scrip નો ઉપયોગ બે વર્ષના સમયગાળા માટે (જનરેશન તારીખથી) કરવાનો રહેશે. દા.ત. શીપીંગ બીલ તા.૦૧-૦૧-૨૦૨૪ ધરાવતા નિકાસકારે તા.૦૧-૦૧-૨૦૨૫ પહેલા e-Scrip જનરેટ કરવાનું રહેશે અને તા.૦૧-૦૧-૨૦૨૫ ના રોજ જનરેટ થયા પછી તેનો ઉપયોગ તા.૦૧-૦૧-૨૦૨૬ પહેલા કરવાનો રહેશે.

વિશેષમાં સરકારશ્રીના નોટીફિકેશનનં.૭૫/૨૦૨૧-કસ્ટમ્સ (N.T.) તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૧ માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે નિકાસકારે e-Scrip ઓપ્શનનો એક વર્ષની અંદર અમલ ન કરેલ હોય તેવા કિસ્સામાં દરેક સ્ક્રોલમાં સ્ટેશનવાઈઝ અને સ્કીમવાઈઝ મળવાપાત્ર ડયુટી ક્રેડીટ કસ્ટમ્સની ઓટોમેટેડ સિસ્ટમ હેઠળ સીંગલ e-Scrip ફોર ડયુટી ક્રેડીટ જનરેટ થતી. તેમ છતા ઉપર દર્શાવેલ સ્પષ્ટ જોગવાઈઓમાં e-Scrip ઓટો જનરેટ થતા ન હોવાને કારણે જો કોઈ નિકાસકાર નવેસરથી e-Scrip જનરેટ કરવાની પ્રક્રિયા હાથ ધરે તો તેવા કિસ્સામાં એક વર્ષથી વધુ સમય વ્યતિત થયેલો હોવાથી ટાઈમબાર્ડ ગણાવામાં આવે છે.

ખાસ કરીને તા.૦૧-૧૦-૨૦૨૪ થી નવા રીજીમ પ્રમાણે કોઈપણ નોટીફિકેશન કે સરકયુલર વગર એપ્રિલ-૨૦૨૩ થી સપ્ટેમ્બર-૨૦૨૩ નાં શીપીંગ બીલ્સ એપ્લીકેશન મોડેલમાંથી નિકળી ગયા છે જે ફરીથી દરેક સ્ક્રોલવાઈઝ એક RoDTEP e-Scrip જનરેટ કરાવી આપવી.

રેગ્યુલર સોફટવેર અપડેટ થતા હોવાને કારણે ખરેખર મળવાપાત્ર ડયુટી ક્રેડીટની સમય મર્યાદા એક વર્ષ માટે પ્રતિબંધિત કરવામાં આવી. જેના કારણે e-Scrip માં ઉપયોગમાં ન લેવાયેલ ડયુટી સ્કીમની રકમ ક્ષાતિગ્રસ્ત ગણી નકારવામાં આવે છે. આનાથી અનેક નિકાસકારોને ડયુટી ક્રેડીટ માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઉપરોકત સંદર્ભમાં રાજકોટ ચેમ્બર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રીને ઉદાહરણ સાથનો સ્પષ્ટ કિસ્સો રજુ કરેલ છે કે જેમાં સરકારશ્રીના નોટીફિકેશન અંતર્ગત કરવાપાત્ર e-Scrip નો યોગ્ય અને નિયમબધ્ધ અમલ કરવામાં આવેલ હોવા છતા તે નિકાસકારને ડયુટી ક્રેડીટ મળેલ નથી. તેથી વર્ષ ૨૦૨૧થી તમામ પેન્ડીંગ RoDTEP કિસ્સાઓને આજની તારીખ સુધીમાં ઓટો જનરેટ કરી તમામ નિકાસરોને આગામી બે વર્ષ સુધી આવી ઉપયોગી અને લાભદાયી સ્કીમનો પુરે પુરો લાભ મેળવી શકે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉધોગમંત્રીશ્રી પિયુષ ગોયેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.